
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬



લેખ ટંડનના નસીબમાં ક્યારેય લાઈમ લાઈટ આવી... Pg.2



તૃપ્તીને લવ મેરેજ કરવા છે કે એરેન્જડ? Pg.4

ટોક ઓફ ધી ટાઉન

## રણવીરનું રન-અવે અને ફરહાનને ફટકો...

# ખઈકે પાન બનારસવાલા, રણવીર ચૂના લગા કે ભાગા...

**2023માં ફિલ્મનું ટીઝર બહાર પાડવામાં આવ્યું અને જાન્યુઆરી 2026માં ફિલ્મની શૂટિંગ શરૂ થવાની હતી. પરંતુ અચાનક રણવીરે 'ડોન 3' છોડતા ફરહાન અખ્તરની પ્રોડક્શન કંપની એક્સલ એન્ટરટેઈનમેન્ટે રણવીર પાસેથી 40 કરોડ રૂપિયાનું કમ્પન્સેશન માંગ્યું છે**





બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થયા પછી ધુરંધરની સફળતાએ રણવીર સિંઘના કરિયરમાં મોટા વળાંકો લાવી દીધા છે. વર્ષની શરૂઆતથી સ્પોટલાઇટમાં રહેલાં રણવીરે બે વર્ષ પહેલાં રજૂ થયેલાં ડોન-3ના ટીઝર અને અને લગભગ ઓલ-સેટ ફિલ્મને અચાનકથી 'ટાટા બાય બાય' કરી દીધું છે. 'એક્સેલ એન્ટરટેઇન્મેન્ટ'ના બેનર હેઠળ બનેલી 'ડોન' સીરિઝની આ ત્રીજી ફિલ્મ હતી જેમાં રણવીરને લીડ રોલમાં પસંદ કરાયો હતો. પરંતુ હવે એવું કહેવામાં આવે છે કે સ્ક્રિપ્ટમાં બદલવાની માંગણી કરવા છતાં બદલાવ ન થવાને કારણે અને સ્ક્રિપ્ટ પસંદ ન હોવાને કારણે તેણે આ પ્રોજેક્ટમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે.

'ડોન' સીરિઝ વિશે વાત કરીએ તો 'ડોન' એક જાણીતી કલ્ટ ફિલ્મ ફ્રેન્ચાઇઝી છે જેની શરૂઆત 1978માં અમિતાભ બચ્ચનના લીડ રોલમાં બનેલી ફિલ્મથી થઈ હતી. તે પછી 2006માં ફરહાન અખ્તરે શાહરૂખ ખાનને લઈને 'ડોન' રિમેક કરી, તે પણ મોટી હિટ સાબિત થઈ. 2011માં 'ડોન 2' આવી જેમાં પણ શાહરૂખની એક્ટિંગથી ડોન ફ્રેન્ચાઇઝીને પકડવું મુશ્કીલ હી નહીં નામૂમકીન' થઇ ગયું. આવનારી ત્રીજી સીરિઝ 'ડોન 3'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહને લેવામાં આવ્યો હતો. 2023માં આ નક્કી થયું અને ફિલ્મનું પહેલું ટીઝર બહાર પાડવામાં આવ્યું. તૈયારીના કારણોસર ફિલ્મ જાન્યુઆરી 2026માં શૂટિંગ શરૂ થવાની હતી.

એવું કહેવાય છે કે 'ધુરંધર'ની સફળતા પછી રણવીરે 'ડોન 3'માંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે. 'ધુરંધર'ના પહેલાં ભાગે મોટી કમાણી કરતાં હવે રણવીર પોતાની પસંદગીની ફિલ્મો કરવા માંગે છે પરંતુ વર્ષો પહેલાં સાઇન કરેલાં કોન્ટ્રેક્ટ પૂરા કરવા પણ એટલાં જ જરૂરી છે.

રણવીરનું કહેવું છે કે તે સ્ક્રિપ્ટથી ખુશ નહોતો. તેણે વારંવાર સ્ક્રિપ્ટમાં ફેરફાર માંગ્યા પરંતુ તેની વાત માનવામાં ન આવી. સ્ક્રિપ્ટનો ફાઈનલ ડ્રાફ્ટ પણ પસંદ ન પડતા તેણે ફિલ્મ છોડી દીધી. રણવીરે ક્રિએટિવ ડિફરન્સ (સ્ક્રિપ્ટ અને ફિલ્મની દિશા બાબતે મતભેદ)ને કારણે ફિલ્મ છોડી છે.

હવે બીજી બાજુ ફરહાન અખ્તરની પ્રોડક્શન કંપની એક્સલ એન્ટરટેઇનમેન્ટે રણવીર પાસેથી 40 કરોડ રૂપિયાનું કમ્પન્સેશન માંગ્યું છે. એક્સલ એન્ટરટેઇનમેન્ટ કહે છે કે રણવીરના નીકળી જવાને કારણે તેમને મોટું નુકસાન થયું છે. પ્રી-પ્રોડક્શન એટલે કે સ્ક્રિપ્ટ લખવામાં, મેનેજમેન્ટ, શેડ્યુલ બનાવવું, લોકેશન તૈયાર કરવું, ક્રૂ (સ્ટાફ) હાયર કરવા અને અન્ય તૈયારીઓમાં ઘણા પૈસા ખર્ચાઈ ગયા હતા. એક્સેલ એન્ટરટેઇન્મેન્ટ કહે છે કે રણવીરે અચાનક છોડી દીધું તો આ બધું અટકી ગયું. જો સ્ક્રિપ્ટથી પ્રોબ્લેમ હોય તો પહેલાંથી જ જણાવી દેવાનું હતું. રણવીરનો આ વ્યવહાર પ્રોફેશનલ નથી અને તેના કારણે થયેલાં નુકસાનને કંપની એકલા હાથે નથી ભોગવવા માંગતી. તેથી તેઓ 40 કરોડ રૂપિયાનું વળતર માંગે છે.

જોકે રણવીર આ માંગણી સામે સખત વિરોધ કરે છે. તેઓ કહે છે કે તેઓ આ પૈસા આપવા માટે જવાબદાર નથી. ફિલ્મમાંથી નીકળી જવાનું કારણ છે ક્રિએટિવ ડિફરન્સ - એટલે કે સ્ક્રિપ્ટ અને ફિલ્મની દિશા બાબતના મતભેદ હતા. રણવીર કહે છે કે ફિલ્મ તો પ્રોડ્યુસરો અને ડાયરરેક્ટ મંજૂરી પછી જ આગળ વધી હતી, તો હવે આ કમ્પેન્સેશનની માંગનો કોઇ અર્થ નથી અને આવી બાબતમાં કમ્પેન્સેશન જ અન્યાયી છે.


સોશિયલ મીડિયા પર આ વાતની ઘણી ચર્ચા છે. કેટલાક ફેન્સ રણવીરને સપોર્ટ કરે છે અને કહે છે કે જો સ્ક્રિપ્ટ સારી ન હોય અને બદલાવ કરવા પણ તૈયાર ન હોય તો છોડી દેવામાં કોઇ વાંધો નથી. જ્યારે કેટલાક કહે છે કે ફિલ્મોનો કોન્ટ્રેક્ટ પ્રોફેશનલ હોય છે. સાઇન કરવા પહેલાં બધી બાબતો જોઇ લેવી જોઇએ. જ્યારે કામ ચાલું થઇ ગયું હોય અને અચાનકથી ક્વીટ કરવામાં આવે તો થયેલા નુકસાનની ભરપાઇ કરવી જ પડે છે. આ લડાઇ ફક્ત કોન્ટ્રેક્ટ સુધી જ સીમિત નથી રહી, સોશ્યલ મીડિયા પર પણ તેની અસર દેખાય રહી છે. ઇન્સ્ટાગ્રામ પર ફરહાને રણવીરને અનફોલો કરી દીધો છે જેના કારણે આગ વધુ ફેલાઇ રહી છે.


પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઇન્ડિયા આ વિવાદને સુલઝાવવા મધ્યસ્થી બની રહી છે. તેઓ બંને પક્ષો વચ્ચે વાતચીત કરાવીને સોલ્યુશન લાવવા માંગે છે. પરંતુ હજી સુધી એક્સેલ એન્ટરટેઇનમેન્ટ અને રણવીરની ટીમ વચ્ચે કોઇ રસ્તો મળ્યો નથી. બોલિવુડમાં આવા વિવાદો સામાન્ય છે પરંતુ આટલા મોટા કમ્પેન્સેશનની માંગ ક્યારેય જોવા નથી મળી. આનાથી ડોન 3નું ભવિષ્ય અનિશ્ચિત બની ગયું છે. એક્સેલ એન્ટરટેઇન્મેન્ટએ કેટલીક પ્રી-પ્રોડક્શનની પ્રવૃત્તિઓ ધીમી કરી દીધી છે અને કેટલાક ટીમ મેમ્બર્સને બીજું કામ શોધવા કહ્યું છે.

હમણાં તો બધી નજર એ પર છે કે આ વાત વાટાઘાટથી સુલઝાશે કે કોર્ટમાં જશે. આ વિવાદ બોલિવૂડમાં ખૂબ ચર્ચામાં છે. ટ્રેડ એક્સપર્ટ કહે છે કે આવા મોટા વિવાદ ઓછા જોવા મળે છે અને આનાથી આગળ જતાં મોટા બજેટની ફિલ્મોમાં કોન્ટ્રેક્ટ અને બહાર નીકળવાની શરતો પર અસર પડી શકે છે. ●

# 'બાગબાન'માં પિતા વિલન અને પુત્ર હીરો હતો!

ટ્રેન્ડીંગ





**તેઓ કહે છે કે આ ફિલ્મ બૂમર પ્રોપગેન્ડા (જૂની પેઢીની એકતરફી વાત) છે. એક વાયરલ ઈન્સ્ટાગ્રામ રીલમાં એક Gen-Z કન્ટેન્ટ ક્રિએટરે કહ્યું કે સમીર સોનીનું કેરેક્ટર સંજય મલ્હોત્રા, જે રાજનો બીજો પુત્ર છે, તેને અન્યાયી રીતે વિલન બનાવવામાં આવ્યો છે**

બાગબાન ફિલ્મ રીલિઝ થઈ હતી ત્યારે તે સમયના જનરેશનની આઈડિયલ ફિલ્મ હતી. અમિતાભ બચ્ચન અને હેમા માલિનીના લીડ કેરેક્ટરવાળી બાગબાન 23 વર્ષો પછી પણ જોવાઈ રહી છે, પરંતુ નવા નજરિયાથી! Gen-Zએ બાગબાન ફિલ્મમાં અમિતાભ બચ્ચનને અસલ વિલન કહેવાનું શરૂ કર્યું છે અને સમીર સોનીના કેરેક્ટરને ગ્રીન ફ્લેગ- એટલે કે એક સારો, સમજદાર વ્યક્તિ કહે છે. આ વાત પર સમીર સોનીએ રિએક્શન પણ આપ્યું છે.

2003માં આવેલી રવિ ચોપડા ડિરેક્ટેડ ફિલ્મ 'બાગબાન'માં અમિતાભ બચ્ચન અને હેમા માલિની એક વૃદ્ધ દંપતિની રોલમાં છે. તેઓ સારી રીતે તેમના ચાર પુત્રોને ઉછેરે છે, પરંતુ રિટાયર્મેન્ટ પછી ચારેય દીકરા તેમને બોજ સમજીને અવગણે છે. એકેય દીકરો બંનેની સાથે સંભાળ રાખવા તૈયાર નથી તેથી બંનેએ અલગ રહેવાની ફરજ પડે છે. ફિલ્મમાં અમિતાભ બચ્ચનનો છેલ્લો મોનોલોગ ખૂબ પ્રખ્યાત થયો હતો. લાંબા સમય સુધી લોકો આ ફિલ્મને માતા-પિતાને સન્માન આપવાની યાદ અપાવતી ફિલ્મ માનતા હતા. 'બાગબાન' તે સમયની કલ્ટ ફિલ્મોમાંની એક હતી.

પણ હવે બે દાયકા પછી Gen-Z અને નવી યુવા પેઢીએ ફિલ્મને અલગ રીતે જોવાનું શરૂ કર્યું છે. તેઓ કહે છે કે આ ફિલ્મ બૂમર પ્રોપગેન્ડા (જૂની પેઢીની એકતરફી વાત) છે. એક વાયરલ ઈન્સ્ટાગ્રામ રીલમાં એક Gen-Z કન્ટેન્ટ ક્રિએટરે કહ્યું કે સમીર સોનીનું કેરેક્ટર સંજય મલ્હોત્રા, જે રાજનો બીજો પુત્ર છે, તેને અન્યાયી રીતે વિલન બનાવવામાં આવ્યો છે. ફિલ્મના કેટલાંક સીન તેણે રીલમાં વિસ્તારથી બતાવ્યા છે. ફિલ્મમાં જ્યારે સંજય તેના પિતાને પૂછે છે કે તમે બેંકમાં નોકરી કરી, તેમ છતાં FD, ગ્રેચ્યુઈટી કે સેવિંગ્સ કેમ નથી? પરંતુ ત્યારપછી બેકગ્રાઉન્ડમાં એક ઈમોશનલ ગીત વાગે છે અને પુત્રને વિલન બનાવી દે છે. આને Gen-Z અલગ રીતે જોઈ છે કે આ એક સમજદાર અને ઈન્ટેલેક્ચ્યુઅલ સવાલ છે. તમારી પાસે સેવિંગ્સ કેમ નથી? એવું પણ નથી કે તમે ખરાબ જગ્યાએ કામ કરતાં હોવ અને પૈસા ના મળતાં હોય, તમે એક સારી ખ્યાતનામ બેન્કમાં જોબ કરતાં હતા.

રીલમાં ટાઈપરાઈટરવાળો સીન પણ બતાવવામાં આવ્યો છે જેમાં સંજયની પત્ની તેના સસરાને મોડી રાતે ટાઈપરાઈટર ન વાપરવા માટે રિક્વેસ્ટ કરે છે કારણ કે તેના અવાજથી ઊંઘ ખરાબ થાય છે. સંજયની પત્ની કામ વર્કિંગ વુમન છે અને કામ માટે તેણે વહેલું ઉઠવું પડે છે. સંજય સમજદારી અને શાંતિથી સૂચન આપે છે કે તમારા પોતાના રૂમમાં વાપરો, સવારે વાપરો કે લેપટોપમાં ટાઈપ કરી લો. આટલું શાંતિથી સૂચવવા છતાં રાજ ગુસ્સે થઈ જાય છે અને ફરી બેકગ્રાઉન્ડ મ્યુઝિકથી પુત્ર-વહુને અસંવેદનશીલ ચિતરવામાં આવે છે.

આ ઉપરાંત રીલમાં કરવા ચૌથનો સીન પણ છે. આખો દિવસ ઉપવાસ કર્યા પછી સંજયની પત્ની જમવા માટે બહાર જવાનું સૂચવે છે, એ વિચારીને કે તેના સસરા પણ તેમના ફેવરિટ જૂના કેફેમાં જમી લેશે. પરંતુ કેફેના ઓનરની અનેક ઓફરો નકારી દે છે અને ભૂખ્યા ઘરે પરત ફરે છે - આને પણ રાજના તરફથી ખૂબ ઈમોશનલ બતાવાયું છે.

Gen-Z કહે છે કે અમિતાભ બચ્ચનનું કેરેક્ટર ડિમાન્ડિંગ - માંગ કરનાર અને ઈમોશનલ બ્લેકમેઈલ કરનાર છે, તેથી તેઓ રિયલ વિલન છે. સંજયને તેઓ ગ્રીન ફ્લેગ કહે છે - ડિસિપ્લિન્ડ, ઈમ્પેથેટિક (સમજદાર), ફાઈનાન્શિયલી સેન્સિબલ અને વાજબી.

સમીર સોનીએ આ રીલ શેર કરી અને કેપ્શન લખ્યું: "આખરે 20 વર્ષ પછી કોઈકે બચાવમાં કહ્યું, મારું કેરેક્ટર સમજ્યું. નવી જનરેશનને ખૂબ પસંદ કરું છું." (Finally some redemption after 20 years. Just love the new generation.) આ વાત સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ છે. લોકો હવે ફિલ્મને નવી નજરથી જુએ છે અને કહે છે કે તે બાળકો પર વધુ પડતું દબાણ લાવે છે. સમીર સોનીને આમાંથી રાહત મળી છે કારણ કે રિલીઝ વખતે લોકો તેમને 'ખરાબ પુત્ર' માનતા હતા. ●